# પર્યાવરણ અને ટેકનોલોજીના સમન્વયથી વૈશ્વિક સ્તરે નવો ચીલો ચાતરતું ગુજરાત!



**વિકલ્પ**
★ દીપક આશર

કચ્છના સૂર્ય અને પવનની અખૂટ ઊર્જાનો ઉપયોગ કરીને ડેટા સેન્ટર્સ માટે ઓછામાં ઓછી ૫૧% ગ્રીન એનર્જીનો વપરાશ ફરજિયાત કરનાર ગુજરાત વિશ્વનું પ્રથમ મોડેલ બનવા જઈ રહ્યું છે. આ નીતિ માત્ર ડેટા સ્ટોરેજ નહીં, પરંતુ ટકાઉ અને પ્રદૂષણમુક્ત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) પ્રોસેસિંગનું ભવિષ્ય નક્કી કરશે. ગુજરાત હવે માત્ર રોકાણ આકર્ષતું રાજ્ય નથી રહ્યું, પરંતુ અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સિંગલ-વિન્ડો ક્લિયરન્સ અને આક્રમક નીતિઓ દ્વારા તે વૈશ્વિક ટેક જાયન્ટ્સ માટે પ્રથમ અને અનિવાર્ય પસંદગી બનીને ઉભરી રહ્યું છે, જે ભવિષ્યના વૈશ્વિક ડિજિટલ નકશાને સંપૂર્ણપણે બદલી નાખશે.

આજના આધુનિક આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ક્લાઉડ કમ્પ્યુટિંગ અને હાઇ-પર્ફોર્મન્સ પ્રોસેસિંગના યુગમાં ડેટા એ વૈશ્વિક અર્થતંત્રનું નવું બળતણ બની ચૂક્યું છે. ડેટા સેન્ટર્સ હવે માત્ર પરંપરાગત સ્ટોરેજ કે કમ્પ્યુટિંગ ડિવાઇસ પૂરતા મર્યાદિત નથી રહ્યા, પરંતુ તે રાષ્ટ્રીય ડિજિટલ સાર્વભૌમત્વ અને આર્થિક પ્રગતિના મુખ્ય સ્તંભ બની ગયા છે. આ વૈશ્વિક પ્રવાહને પારખીને, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (ડીએસટી) દ્વારા 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી (2026-2029)' જાહેર કરવામાં આવી છે. આ નીતિ માત્ર ગુજરાતને જ નહીં, પરંતુ સમગ્ર ભારતના ડિજિટલ અર્થતંત્રને નવી ઊર્જા પૂરી પાડવા માટે સક્ષમ છે. ભારતનું ડેટા સેન્ટર કેપેસિટી માર્કેટ જે વર્ષ 2019માં 350 મેગાવોટ હતું, તે 2024માં વધીને 1,030 મેગાવોટ થઈ ચૂક્યું છે અને 2027 સુધીમાં તે 2 ગીગાવોટને પાર કરી જશે તેવી સંભાવના છે.

આ વિરાટ સંભાવનાઓ વચ્ચે ગુજરાત સરકારનું આ પગલું અત્યંત સમયસરનું અને આવકારદાયક છે. ગુજરાત સરકારની આ નવતર નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યને હાઇપરસ્કેલ ગ્રીન AI ડેટા સેન્ટર્સના ગ્લોબલ હબ તરીકે સ્થાપિત કરવાનો છે. નીતિ અંતર્ગત કેટલાક વિશિષ્ટ અને અત્યંત મહત્વાકાંક્ષી લક્ષ્યાંકો નિર્ધારિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં કુલ 7.5 ગીગાવોટ જેટલી જંગી ડેટા સેન્ટર ક્ષમતા સ્થાપિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ડેટા સેન્ટર્સના સંચાલન માટે ઓછામાં ઓછી 51% વીજળી ગ્રીન અથવા રિન્યુએબલ એનર્જી (સૌર કે પવન ઊર્જા) સ્ત્રોતોમાંથી મેળવવી ફરજિયાત કરવામાં આવી છે.

આ નીતિ અંતર્ગત માત્ર એવા જ પ્રોજેક્ટ્સ પાત્ર ગણાશે જેમની સ્થાપિત આઈટી લોડ કેપેસિટી 150 મેગાવોટ કે તેથી વધુ હોય. ક્લાઉડ એન્જિનિયરિંગ, સાયબર સિક્યોરિટી અને ડેટા સાયન્સ જેવા ક્ષેત્રોમાં સ્થાનિક યુવાનો માટે હાઇ-વેલ્યુ જોબ્સ અને સ્કીલ ડેવલપમેન્ટના નવા આયામો ખુલશે, એ પણ આ પોલિસીનું જમા પાસું છે.

ગુજરાતને રોકાણકારો માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે આ પોલિસીમાં ખૂબ જ આકર્ષક નાણાકીય અને માળખાકીય પ્રોત્સાહનોની જાહેરાત કરવામાં આવી છે. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન માટે વિશેષ જોગવાઈ હેઠળ એલિજિબલ ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ પર 2.5% કેપિટલ સબસિડી આપવામાં આવશે. ઉપરાંત, ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ માટે લીધેલી ટર્મ લોન પર વાર્ષિક મહત્તમ 25 કરોડની મર્યાદામાં 10 વર્ષ સુધી 4% વ્યાજ સબસિડી મળશે. કમર્શિયલ ઓપરેશન શરૂ થયાના 20 વર્ષ સુધી પ્રતિ યુનિટ માત્ર 1ની પાવર ટેરિફ સબસિડી અને 100% ઇલેક્ટ્રિસિટી ડ્યુટી રિઇમ્બર્સમેન્ટ આપવામાં આવશે. એટલું જ નહીં, જમીનની ખરીદી અથવા લીઝ પર 100% સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફીમાંથી મુક્તિ મળશે. પ્લાન્ટ, મશીનરી અને બિલ્ડિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર ચૂકવાયેલા સ્ટેટ જીએસટીનું 8 વર્ષ સુધી 100% રિઇમ્બર્સમેન્ટ અને ઓપરેશનલ રેવન્યુ પરની પાત્ર સેવાઓ માટે 20 વર્ષ સુધી 100% નેટ સ્ટેટ જીએસટી રિઇમ્બર્સમેન્ટ મળશે.

ડેટા સેન્ટર્સના વિશિષ્ટ આર્કિટેક્ચરને ધ્યાનમાં રાખીને સરકારે બાંધકામના નિયમોમાં મોટી છૂટછાટો આપી છે. સ્થાનિક નિયમો અનુસાર વધારાના એફએસઆઈની મંજૂરી આપી છે. ગ્રાઉન્ડ કવરેજ લિમિટ વધારીને 70% સુધી કરવામાં આવી છે. જનરેટર સેટ્સ (ડીજી સેટ્સ), ટ્રાન્સફોર્મર્સ અને ચિલર્સને મલ્ટી-લેવલ પર અથવા રૂફટોપ પર ગોઠવવાની મંજૂરી (ફાયર સેફ્ટી એનઓસીને આધીન). દરિયાઈ પાણીને શુદ્ધ કરવા માટે 'કેપ્ટિવ ડિસેલિનેશન પ્લાન્ટ' સ્થાપવા બદલ 2 કરોડ પ્રતિ મેગા લીટર પર ડે સુધીની વિશેષ સહાય જાહેર કરાઈ છે. આવી બીજી અનેક ઓફર્સ પોલિસીમાં સરકારે કરી છે.

વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી 2026-2029 એ માત્ર એક સરકારી દસ્તાવેજ નથી, પરંતુ વૈશ્વિક તકનીકી નકશા પર ગુજરાતના વર્ચસ્વની સચોટ બ્લુપ્રિન્ટ છે. આ પોલિસીની સૌથી મોટી તાકાત એ છે કે તે ઉદ્યોગોની વ્યવહારિક જરૂરિયાતોને ખૂબ ઝીણવટપૂર્વક સમજીને બનાવવામાં આવી છે. પરંપરાગત રીતે પ્રોજેક્ટ્સમાં બિલ્ડિંગ રેગ્યુલેશન્સ અને પાવર ઓપ્ટિમાઇઝેશન સૌથી મોટા અવરોધો હોય છે. સરકારે આ પોલિસીમાં મલ્ટી-લેવલ ડીજી સ્ટેકિંગ, વધારાનું ગ્રાઉન્ડ કવરેજ (70%) અને વીજળી ખરીદી માટે ઓપન એક્સેસ આપીને સાબિત કર્યું છે કે તેમની પાસે પ્રગતિશીલ વિઝન છે.

**ગુજરાત સરકારની આ નવતર નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યને હાઇપરસ્કેલ ગ્રીન AI ડેટા સેન્ટર્સના ગ્લોબલ હબ તરીકે સ્થાપિત કરવાનો છે**

વધુમાં, ડેટા સેન્ટર ઓપરેશન્સને 'અનિવાર્ય સેવાઓ' તરીકે જાહેર કરવી એ એક અત્યંત પ્રશંસનીય અને મોટો વ્યૂહાત્મક નિર્ણય છે. આનાથી કોઈપણ કટોકટીના સમયે પણ ડેટા સેન્ટરનું કામકાજ અટકશે નહીં અને રોકાણકારોમાં વૈશ્વિક સ્તરે સુરક્ષાનો મજબૂત સંદેશ જશે. જોકે, આ નીતિમાં લાયકાતનો આંકડો મહત્તમ 150 મેગાવોટ કે તેથી વધુ આઈટી લોડ રાખવામાં આવ્યો છે. મારો એવો અભિપ્રાય છે કે આ જોગવાઈ માત્ર વૈશ્વિક હાઇપરસ્કેલર્સ (જેવા કે ગૂગલ, માઇક્રોસોફ્ટ, એમેઝોન અથવા અદાણી-અંબાણી જેવા મોટા ગૃહો)ને આકર્ષવા માટે ઉત્તમ છે, પરંતુ મધ્યમ કદના સ્થાનિક કોલોકેશન પ્રોવાઇડર્સ અથવા સ્ટાર્ટઅપ્સ આ લાયકાતની મર્યાદાને કારણે સીધા લાભોથી વંચિત રહી શકે છે. જો નીતિમાં મધ્યમ કદના એજ ડેટા સેન્ટર્સ (Edge Data Centers) માટે પણ થોડી રાહતો સામેલ કરવામાં આવી હોત, તો ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં ડિજિટલ માળખાનો વધુ ઝડપી વિકાસ થઈ શક્યો હોત.

ગુજરાતની આ નીતિનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ અને ક્રાંતિકારી દેખાઈ રહ્યું છે. આવનારા સમયમાં આ પોલિસી ગુજરાત અને ભારતના તકનીકી લેન્ડસ્કેપને ચોક્કસ બદલશે. રિન્યુએબલ એનર્જી અને સસ્ટેનેબિલિટીનું મોડેલ આ પોલીસીનું જમા પાસું છે. ભવિષ્યમાં ડેટા સેન્ટર્સ માટે સૌથી મોટો પડકાર કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવાનો હશે. ગુજરાત દેશમાં રિન્યુએબલ એનર્જી (ખાસ કરીને કચ્છની સોલાર અને વિન્ડ પ્રોજેક્ટ્સ)માં અગ્રેસર છે. પોલિસીમાં 51% ગ્રીન એનર્જીનો વપરાશ ફરજિયાત કરીને ગુજરાતે ગ્રીન AI ડેટા સેન્ટર્સ ક્ષેત્રે વૈશ્વિક રોકાણકારો માટે નવો ચીલો ચાતર્યો છે. ભવિષ્યમાં આ પોલિસીના કારણે વૈશ્વિક ટેક જાયન્ટ્સ ભારતમાં પોતાના ડેટા સેન્ટર્સ સ્થાપવા માટે ગુજરાતને જ પ્રથમ પસંદગી આપશે.

બીજું, ગિફ્ટ સિટી અને ધોલેરાનો સુમેળ સોને પે સુહાગ જેવો છે. અમદાવાદ, ગાંધીનગર, ગિફ્ટ સિટી અને ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન જેવા ક્ષેત્રો પહેલેથી જ સ્માર્ટ સિટી તરીકે ઉભરી રહ્યા છે. આ પોલિસીના કારણે ફાઇનાન્સિયલ ટેકનોલોજી ક્ષેત્રને અત્યંત લો-લેટન્સી (ઓછા સમયમાં ડેટા પ્રોસેસિંગ) ઇન્ફ્રાસ્ટ્રક્ચર મળશે. ધોલેરા રીજનમાં જાહેર કરાયેલી વધારાની 2.5% કેપિટલ સબસિડી આગામી સમયમાં ધોલેરાને વૈશ્વિક ડેટા કેપિટલ બનાવી શકે છે.

એટલું જ નહીં, ભારત સરકારના ડેટા લોકલાઈઝેશન (ડેટા ભારતમાં જ સ્ટોર કરવાના નિયમો)ના કડક વલણને સપોર્ટ કરવા માટે સ્થાનિક સ્તરે ડેટા સેન્ટર્સ હોવા અનિવાર્ય છે. ગુજરાતની આ નીતિ સુરક્ષિત અને સ્થિતિસ્થાપક ડિજિટલ બેકબોન પ્રદાન કરીને ભારતની સાયબર સુરક્ષા અને તકનીકી સાર્વભૌમત્વને મજબૂત કરશે. વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી (2026-2029) એ સાબિત કરે છે કે ગુજરાત માત્ર ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્રે જ નહીં, પરંતુ આગામી પેઢીની અદ્યતન ડિજિટલ આર્કિટેક્ચર તકનીકોમાં પણ દેશનું નેતૃત્વ કરવા તૈયાર છે. નાણાકીય સબસિડીઓ, વહીવટી સરલીકરણ (સિંગલ વિન્ડો પોર્ટલ) અને ગ્રીન એનર્જી પ્રત્યેની પ્રતિબદ્ધતાનું આ સંતુલન લાંબાગાળે અત્યંત ફાયદાકારક સાબિત થશે. આ નીતિ ૨૦૪૭ના 'વિકસિત ભારત' અને 'વિકસિત ગુજરાત'ના સપનાને સાકાર કરવામાં એક પાયાનો પથ્થર સાબિત થશે અને આવનારી ડિજિટલ ક્રાંતિનું ભવિષ્ય ગુજરાતની ધરતી પરથી લખાશે તેમાં કોઈ શંકા નથી.